
ૐ
હા, હા... હા, હેરી
અલા તું હમણાં ઘરે આયો?
હા.
સાડા આઠે ઑફિસ મળીએ હેરી...
હેરી, હેરી ઓમ... હરિ ઓમ...
હું જસ્ટ ઘરેથી નીકળ્યો છું. મીટિંગની બધી તૈયારી કરી રાખજે...
એ બેટા આવ, ગરમાગરમ થેપલાં ખા.
નહીં પપ્પા, આઈ એમ લીવિંગ.
આદિ... મને કંઈ થાય છે દીકરા... મને...
ભલાકાકા થેપલાં અને ગાંઠિયા આપો.
વેરી ગુડ, બેસ...
પપ્પાને!
જોયું ભલા? દીકરાને બાપાની જરાય પડી નથી.
પણ બાપા રોજ ખોટા ઍટેકો ખાઈને પડી જાય તો પછી આને કંઈથી પડી હોય?
ઠીક છે કાલથી કંઈ નવું વિચારીશ બસ.
અવર નેક્સ્ટ ટાર્ગેટ ઇઝ ચાઇના, ચાઇના ઇઝ અ બિગ માર્કેટ નાવ.
નેક્સ્ટ વીક એના ડેલિગેટ્સ અહીંયાં આવી રહ્યા છે અને આપણી એમની સાથે મીટિંગ છે.
હા..હા..હા!!
પ્રજાપતિ, વાય આર યુ લાફિંગ?
સર 'હા અમે ગુજરાતી' પર એક જૉક આવેલો એટલે..
વાઉ, હું અહીંયાં આટલી ઇમ્પોર્ટન્ટ સ્ટ્રૅટેજી ડિસ્કસ કરું છું...! અને તમે હસી રહ્યા છો.
ગૅટ આઉટ યુ આર ફાયર્ડ
સર! સૉરી સર...


હા.. હા..હા !!
હા.. હા..હા !!
હા.. હા..હા !!
હા.. હા..હા !!
ઓ બુધાભાઈ ચોકઠું પડી ગયું તમારું...
ભાઈઓ અને બહેનો, આજે હું તમને વૉકિંગના પ્રકારો વિશે જ્ઞાન આપીશ.
આપણે આપણી મરજીથી શરૂ કરીએ એને કહેવાય મૉર્નિંગ વૉક... ડૉક્ટર ચેતવણી આપે અને પછી શરૂ કરીએ એને કહેવાય વૉર્નિંગ વૉક... અને દોડતાં દોડતાં રૂપાળી છોકરીઓને જોતાં જોતાં કરીએ એને કહેવાય ટર્નિંગ વૉક...
હા.. હા..હા !!
અલા હરિયા તું કેમ નથી હસતો યાર...?
અરે ક્યાંથી હસે યાર? મારો દીકરો મને છોડીને અમેરિકા સેટ થાય છે.
હા.. હા..હા !!
હા.. હા..હા !!
અરે આમાં હસવા જેવું શું છે?
હા.. હા..હા !!
હા.. હા..હા !!
ચૂપ...
આટલું કડક! આ લોકો આખી જિંદગી નહીં હસે હવે...


વાહ! આવી ગયો દીકરા.
આ શું કરી રહ્યા છો તમે?
ભાઈ સરસ મજાનું ગીત સાંભળું છું.
શરમ આવી જોઈએ તમને.
શાસ્ત્રીય સંગીતમાં શેની શરમ? કંઈ બેબીડૉલ નથી સાંભળતો.
કાઢી મૂકવા જોઈએ.
આપણને ઘરમાંથી કાઢી મૂકશે?
હેં બેટા, તું અમને વૃદ્ધાશ્રમ મોકલી દેશે?
મહેતા...
આ મહેતા મહેતા કહે છે, આ મારી અટક પણ ભૂલી ગયો?
આ તમારી સાથે વાત નથી કરતો ભાઈ.
હેં?
બ્લૂટુથ બ્લૂટુથ...
ભાઈ, આ રોજ નવા નવા ઝટકા મને આપે છે.


દિવેચા...
ય... ય... ય... યસ સર...
ભલે અડધું ગુજરાત બપોરે ઊંઘતું હોય, પણ હું અહીં, તમને કામ કરવાના પૈસા આપું છું સૂવાના નહીં...
સર, અડધો પગાર?
નેક્સ્ટ ટાઈમ સૂતાં ઝડપાયા છો ને તો અડધો પગાર કાપી લઈશ...
કામ પર લાગો!
શું?
ભલા... ભલા... ભલા... આજે હાઈ ક્લાસ જમાડજે હાં?
હા...
25 દિવસની મહેનત પછી આદિત્યે મને આજે ડિનરની ઍપૉઇન્ટમૅન્ટ આપી છે.
શું બનાવ્યું તેં એ તો કહે...
અરે તમારી ફેવરિટ ખીચડી, મેથીની ભાજીનું શાક, કઢી ને એ તીખ્ખી તમતમતી લસણની ચટણી.
ભાઈ તું આ ચટણી બંધ કર. મને ઍસિડિટી થઈ ગઈ.
वाह! मज़ा


અરે મોટા શેઠ... તમારા જમવાની પાસે
આ ફૂલંટની બાટલી મૂકી દઈશ, પી લેજો.
અને હું તો કહું છું આદિત્યનેય આ પિવડાવ.
અરે સવાર-સાંજ પેલા શું પાસ્તા, પિઝ્ઝાના લોંદા ખાધા કરે...
એમાં ને એમાં અડધો અડધો કલાક બાથરૂમમાં બેઠો હોય.
હેં?
અરે ના ભાઈ ના, એ તો બાથરૂમમાં બેઠા બેઠા
છે ને પોતાનું ઈમેઇલ ચેક કરતા હોય છે.
એમ?
હા!
ટ્રિંગ ટ્રિંગ!!
અરે સો વરસ
જીવીશ દીકરા.
કેટલા વાગ્યે
પહોંચે છે?
શું થયું?
તારીખ પે તારીખ, તારીખ પે તારીખ,
તારીખ પે તારીખ...
જમને કી તારીખ દે કે છોકરા ફિર ગયા.
દિલ્હી ઊડ ગયા હૈ.
ખીચડી ઢક દૂં?
ઢક દે ખીચડી. નહીં તો તું ખા.
પણ તું શું કામ હિન્દીમાં બોલે છે?